ત્રીજુ ધોરણ ભ[illegible]ડી બાળાઓ માટે

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર

સ્વર્ગવાસી નવલરામ લક્ષ્મીરામ કૃત.

સરકારી તથા ગાયકવાડી કેળવણીખાતામા ચાલતી

'બાળ[illegible]ળીની નોટ



રચનાર—છગનલાલ નાથીરામ શાહ.

[કિંમત બે આના.] શાહપુર—સુરત.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

વિદ્યાપીઠ અમદાવાદ

'બાળ ગરબાવળી'ની નોટ.

બાળ પ્રાર્થના

પ્રાર્થના=માગણી
આપ=તમે પોતે
પ્રાણી માત્રના=ય ગણાજ પ્રાણી પદાર્થના
શકિત=બળ, જોર
માપ=પ્રમાણ
પાય લાગુ=પગે લાગુ
પ્રથમ=પહેલુ
તમ=તમારૂં
પ્રેમ=હેત, પ્રીત
અમપર=અમારાપર
રહેમ=દયા, મહેરબાની
ક્ષેમ=કુશળ, આરોગ્ય, શરીરે સુખી
કુશળ=આરોગ્ય, શરીરે સુખી
ભાઉ=સગા, ભાઇબેન
સાથ ટોળુ
વસ્ત્ર=લુગડા
આલજો=આપજો
સંકટ=દુખ, પીડા
ટાળજો=મટાડજો, દૂર કરજો
વા'લ=હેત
સુબુદ્ધિ=સારી બુદ્ધિ
કાપો=કાઢી નાખો
કુતર્ક=નઠારા વિચાર
કુચાલ=નઠારી ચાલ
સેવ=સેવા, ચાકરી
ટેવ=આદત
હરો=લઇ લો
અહમેવ=અહંકાર ગર્વ
માયાળુ=માયાવાળા
મીઠા=મધુર
બોલ=વાણી, શબ્દ
ભાવ=હેત, પ્રીતિ
નિભાવ=ટકાવ, ગુજરાન
સુમાર્ગ=ખરો રસ્તો
દિલ=મન, અંતર
વસાન=રખાન
પરમારથ=પરોપકાર, પારકાનું ભલુ કરવુ તે
પુર્ણ=પુરેપુરો
વ્યસન=ટેવ, આદત
લગાડજો=પાડજો
અંતર=મન
ઉઘાડજો=ખોલજો ફેલાવો કરજો
શુદ્ધ=ચોકખુ
જોગ=લાયક
યોગ્ય=લાયક

નિશાળે જતી છોડીનુ વર્ણન.

વર્ણન=હકીકત, વાત
વાલી=પ્યારી
છોડી=નાની

ડા'પણ=સમજણ
રાદો=કજીઓ
દાડો=દિવસ,દહાડો
વા'ણે=મળસ્કામાં, પરોઢીએ
નિત્ય=દરરોજ હમેશાં
પ્રીતે=હોસથી, ખુશીથી
ભાવે=હોંસથી
ચૂકે=ભૂલે, વિસરે
કો કાળે=વખતે
સિલેટ=પત્થરપાટી, સ્લેટ
સાહી=પકડી ઝાલી
દીસે=દેખાય
દમદમ=હરખાતી હરખાતી
સરસ=સારી
ઠરે છે=નક્કી થાય છે
વાતો=વાર્તાઓ
હરખ=આનંદ,ખુશાલી
સઘનને=બધાને, સર્વને
રસાળી=રસવાળી
બોલ=શબ્દ,વાણી
મન ગમે=મનને પસંદ પડે

છોડીઓની ઉજાણી.

ઉજાણી=મિજબાની
અલીઓ=બેનો
હળીમળી=સંપી
કો=કોઇ
આણી=લાવી
ખોળી=શોધી
અજીઠી=એંઠી, બોટેલી
સસ્તા=સોંઘા
ખોરા=વાસ મારતા
કોકડી=મુઠી ચયણું
દ્રાક્ષ=દરાખ
બર્ફીજ=બરફીજ
બર્ફીજ સરખી=બરફીના ચોસલા જેવી
હરખી=ખુશી થઇ
કેમે=કોઇ પણ રીતે
હાર્યો=ભાગ્યો
ખપે=ઉપયોગમાં આવે, કામ લાગે
મમગ બે જાતના થાય છે ખારા ને મોળા
ગટ કરી ગયા=ખાઇ ગયા
પાંચ પકવાન=લાડવા, ઘીતરા જલેબી, કચોરીપુરી, સત્રફેણી વગેરે
જીભ સળવળે=મોમાં પાણી આવે ખાવાનું મન થાય
ગળગળતું=ધીમી નીતરતું
મો બળતું=તીખું તમતમતું
બોબા=પોસ
ખારેક=સૂકું ખજુર
સેકયો=શેકેલો
છાનું=ચોરીને
છુપાવી=સંતાડી
વાળી=મોડવી,કાઢી
રોતી=રડતી
બિચારી=ગરીબ

પાસ=પામે

મિજમાની=ઉજાણી

ગુજરાતનો વનસ્પતિ વૈભવ.

ભાગ ૧ લો.

વૈભવ શોભા

રૂડા=સારા

મનહર [illegible]

જગદીશ પરમેશ્વર

ઘણા [illegible]

લીલા [illegible] આનંદ

ધા [illegible]

ધાન્ય અનાજ

ઈશ્વર પરમેશ્વર

ભાન [illegible]

[illegible] વણા

[illegible] માણુના [illegible]

[illegible] સાનુ કાચો કામની માન

કાસુ [illegible] માણા

કિરતાર=બનાવનાર

પરમેશ્વર

કૃપા=મહેર, દયા

[illegible]=હિંદુસ્તાન

[illegible]=ઘણી

[illegible]=ચંદ

[illegible]=[illegible], નગરી

[illegible]=બગિચાઓ

માર્ગે=મા

[illegible] માટી ડુબી ગયા

બગિચાઓમા આવી પડયા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મમત [illegible] આપમત

[illegible] [illegible]ની માફક

[illegible]=અકબ્બાઈ

તાણે=ફરે

દાઝ=લાગણી

ઘુમો=ફરો

[illegible]=અહંકારથી

ગરબો=આબાદ, સુખી,

ચઢિયાતો

સ્વદેશ=પોતાનો દેશ

[illegible]=ઇચ્છા, ધારો

સહુ=ગણી

વિદ્યામાત=સરસ્વતી

[illegible] -[illegible] કામમા

[illegible]

[illegible] કડ આવો

[illegible] આળસ દૂર કરી

[illegible] પડો=મેદાન પડો

પ્ર[illegible] થાઓ તૈયાર થાઓ

[illegible]

[illegible]=નિવારો

ગુજરાતનો વનસ્પતિ વૈભવ.

ભાગ ૨ જો.

બગીચો=બાગ

ફાલ્યો=ફળ ફૂલવાળો થયો

[illegible]=[illegible]

પ્રખ્યાત=જાણીતો
ઝુંડ=જથો
દીસે=દેખાય
હરખી=આનંદ પામી
હસે=ખુશી થાય
ઘટા=ફેલાવો, ભરાવ
ચોગમ=ચારે બાજુએ
મેના=નસ્કર
હાગેહાર=હાગગંધ
મણા=ખામી, કસર
છાયા=ઓળો
ભુંડી=નઠારી
ખીલ્યું=ખીલી રહ્યું
અમૂલ્ય=જેની કિંમત થઈ શકે નહિ તે
બુધ=બુદ્ધિ, અક્કલ
હિણા=વગરના
ખપ=કામ
ખચે=ખચિત, નક્કી
વાંક=ગુનો, તકસીર
કોએ=કોઈ પણ
શેલડી=શેરડી
ઝુકે=નમે

કુંભસ્થળ=હાથીના માથાની વચમાનો ટેકો
ઝવાહિર=રત્ન
ગાઉ=વખાણું, તારીફ કરું
કદંબ=એક જાતનું ફૂલઝાડ એ ઝાડપર શ્રીકૃષ્ણ ભગવાને ગોપીના લુગડા લઈ મૂકયા હતા
ઝીલી=ટકાવી
ખરે=પણ નક્કી
જમરૂખી=જામફળી
કદળી=કેળ
પપાઉ=પપનસ
મઝાદાર=લહેજતદાર, સ્વાદિષ્ટ

ગુજરાતનો વનસ્પતિ વૈભવ.

ભાગ ૩ જો.

મઝા=આનંદ
સુગંધ=સારી વાસ
સજની=બેન
રંગબેરંગી=તરેહતરેહના રંગના
આંખે વળગે=આંખને ગમે
બેકી મહેકી, મહકી, મઘમઘ થઈ
ખુબી=ખુબસુરતી
મઘમઘી=બહેકી
મોરમ=પીમળ, વાસ
ચોપાસ=ચારે તરફ
સોહામણા=શોભિતા
કેસુડા=ખાખરના ફૂલ
સુરજફૂલ=સુરજમુખીના ફૂલ
પુડ=પાંદડાં
ચાંદાસુ=ચંદ્રમા સાથે
હાસુ=હસવું
હાસુ આવે=ખીલે
તુરી=પીપી, સરણાઈ
બનિયા=બન્યા
પુકારે=બૂમ પાડે
વૈભવ=લીલા, શોભા
ઈશ=પરમેશ્વર

લીલા=શોભા
વાસ=રહેઠાણ, મુકામ
જગદીશ=પરમેશ્વર
સભર ભર્યો=પુરેપુરા ફેલાયા
ભાગ્ય=નસીબ
જગ=દુનિયા
સાર=મતલબ
સધા=ગયા

નિશાળનું વર્ણન.

વર્ણન=હકીકત
પાય લાગુ=પગે લાગુ
ભાગ=મટાડ, દૂર કર
મુખ=મોઢે
બેનપણી=સહચરી
મનમોજે=ખુશીથી
ગીત=ગાયન
રૂપાળા=શોભિતા
ઉમંગ=હોસ, ઉલટ
ખેળવણા=રમકડા
ખુશકાર=ખુશ કરનાર
રીઝી=ખુશી થઇ
ચળકતે=ઝળકતે
બાળા=છોકરી
નકશો=ગામ કે દેશનો ચિતરેલો નમુનો
નવરંગી=તરેહ તરેહના રંગના
તકતકતા=ચકચકતા
ભલા=સારા
તખ્તા=આરસા
ભરખ્યા=ટાંગ્યા
ચકર ચકર=ગોળ ગોળ
સખી=બેનપણી
સંગ=સાથે
મતિ=બુદ્ધિ
રંગે=ખુશીથી
મઝા=આનંદ
રજા=છુટી
માયા=હેત, પ્રીત
પરે=ઉપરે
શાન=ધીંગ
મીઠું ભાખે=મીઠા વચન બોલે
છટા=ચાલાકી, ખુબી
ત્યાંહી=ત્યાં
ચોટે=વળગે
છાહી=છવાઇ, પથરાઇ
અહાની=આવી
મોજ=મજા
રૂડ=સુંદર
ભાગ્ય=નસીબ
જાગે=ઉઘડે
ભણતર=વિદ્યા
વણ=વગર
પશુ સરખા=ઢોર જેવા
નર=પુરુષ
નાર=સ્ત્રી
અપાર=ઘણાજ
નિરખ્યા=જોયા

બાળકોની માગણી.

સમજુતી-હે પરમેશ્વર! તમે સઘળાજ પ્રાણી પદાર્થના માબાપ છો, માટે હુ માગુ તે આપો, તમારા બળનુ કાઇ માપ નથી, હે પરમેશ્વર! હુ પગે લાગીને આટલુ માગુ છુ (૧) પહેલા હુ તમારો પ્યાર માગુ છુ તમે અમારા પર મહેરબાની રાખો, તમારી મહેરબાનીથીજ અમે શરીરે સુખી રહીએ, માટે હે પરમેશ્વર હુ પગે લાગીને આટલુ માગુ છુ, હે પરમેશ્વર૦ (૨) હુ, મારી મા શરીરે સુખી રહે એવુ માગુ છુ, મારા બાપ શરીરે સુખી રહે એવુ માગુ છુ મારા સગા વહાલા અને ભાઇ બેનો શરીરે સુખી રહે એવુ માગુ છુ, હે પરમેશ્વર૦ (૩) હુ માગુ છુ કે અમારૂ પોષણ કરજે, વળી અનાજ, લુગડા અને આબરૂ પણ આપજે અને બધા માણસના દુ ખ મટાડજે, હે પરમેશ્વર૦ (૪) હુ હેત લાગીને માગુ છુ, કે હુ બાળકને તમે સારી બુદ્ધિ આપો, અને નઠારા વિચાર તથા નઠારી રીતભાતને કાઢી નાખો હે પરમેશ્વર૦ (૫) હુ માબાપની સેવા અને બમરા સાચુ બોલવાની ટેવ માગુ છુ વળી માગુ છુ કે મારા મનમાંનો અહંકાર કાઢી નાખો, હે પરમેશ્વર૦ (૬) હુ માયાળુ સ્વભાવ, મીઠી વાણી અને બધાપર હેત રહે એવુ માગુ છુ, કે જેથી દુનિયામા મારૂ ગુજરાન થાય, હે પરમેશ્વર૦ (૭) હુ માગુ છુ, કે મને ખરો રસ્તો (મોક્ષનો માગ) બતાવો અને મારા મનમા દયા રખાવો, વળી પારકાનુ પુરેપુરૂ ભલુ કરાવો, હે પરમેશ્વર૦ (૮) હુ માગુ છુ, કે મને ભણવાની ટેવ પાડજે, અને મારા મનની આંખો ખુલ્લી કરજે, મતલબ કે ખરૂ ખોટુ સમજવાની બુદ્ધિ આપજે, વળી સાચના ચોકખો સુરજ ઉઘાડજે મતલબ

કે હુ સાચુ બોલુ એવી આદતનો ફેલાવો કરજે, હે પરમેશ્વર૰ (૯) મ ઉપર પ્રમાણે જે જે માગ્યુ તે તારી પાસ માગવાને હુ લાયક છુ અને તમે બાપ છો તેથી આપના જોગ છો, હવે મને જે જે આપવા લાયક હોય તે આપો, હે પરમેશ્વર૰ (૧૦)

નિશાળે જતી છોકરીની હકીકત.

સમજુતી—મારી વહાલી બેન બહુ નાની છે, પણ સમજણમા મોટી છે મતલબ કે સમજણ વધારે છે (૧) મારી વહાલી બેન કજીઆ કરતી નથી, અને આ મા નિત્ય હસતીજ હોય છે મતલબ કે હસમુખી છે (૨) મારી વહાલી બેન સવારમા વહેલી અને બધાથી પહેલી ઉઠે છે (૩) મારી વહાલી બેન દરરોજ દાતણ કરે છે, ને ખુશીથી નહાય છે (૪) મારી વહાલી બેન ચોટલો ઓલાવે છે ને રોજ કપાળે ચાંલ્લો કરાવે છે (૫) મારી વહાલી બેન ૧૦૦ સુધી ગણે છે અને હોસથી "બારાખડી પાઠ" શીખે છે (૬) મારી વહાલી બેન નિશાળે જાય છે અને પ્રાતઃ નિત્ય નિશાળે જવાનુ ચૂકતી નથી (૭) મારી વહાલી બેન સ્લેટ પકડે છે અને બહુ સમજુ દેખાય છે (૮) મારી વહાલી બેન પેન માગે છે ત્યારે બધાને વહાલી લાગે છે (૯) મારી વહાલી બેન હાથમા ચોપડી લે છે, અને હરખાતી હરખાતી ચાલે છે (૧૦) મારી વહાલી બેન લેશન કરે છે તેથી વર્ગમા નક્કી સારી ગણાય છે (૧૧) મારી વહાલી બેન વાર્તાઓ વાચે છે તેથી બધાને ખુશાલી ઉપજે છે (૧૨) મારી વહાલી બેન તાળી લઇને (તાળ સાથે) રસાળી ગરબી ગાય છે (૧૩) મારી વહાલી બેનની મીઠી

વાણી જેવી મે દુનિયામા કોઇની મીઠી વાણી સાભળી નથી (૧૪) મારી વહાલી બેન તમે વહાલા લાગો છો માટે તમને પસદ પડે તે માગી લો.

છોકરીઓની મીજબાની

સમજુતી—સૌ બેનો સપીને આવો આજે આપણે મીજબાની કરીએ બધાએ ઘરમાથી કાઇક કાઇક ખાવાનુ લાવો, આજે આપણે ઉજાણી કરીએ (૧) કોઇ સેકેલા ચણા અને કોઇ ધાણી લાવી આજે૦ કોઈ કોપરૂ ને ખાડ લાવી આજે૦ (૨) કોઇ ખજુર શોધી લાવી આજે૦ કોઇ ચારોળી ખાતી ખાતી આવી આજે૦ (૩) કોઇ કહે છે એ તો ઓટેલી છે આજે૦ કોઇ મીઠી બદામો લાવી આજે૦ (૪) કોઇએ ચાધા પરતા આણ્યા, આજે૦ એ તો ઘણાજ ખોરા છે એમ સોએ કહ્યુ આજે૦ (૫) કોઇ સુકી રાયણો તો કોઈ દરાખ લાવી, આજે૦ કોઇ આખો મૂળો લાવી આજે૦ (૬) કોઇ બનકના ચોસલા જેવી બરફી લાવી, આજે૦ તે જોઇ બાળકોએ ખુશી થઇ કહ્યુ આજે૦ (૭) કોઇ ખુશીથી પેડો લાવી, આજે૦ પણ તે કોઇથી કેમે કરી ભાગ્યો નહિ આજે૦ (૮) પણ તે પત્થરથી ભાગ્યો આજે૦ કોઇ સારો લાડવો લાવી આજે૦ (૯) કોઈ કહે છે એ અમારા કામમા નહિ આવે આજે૦ ત્યારે કહ્યુ કે એ તમને નહિ મળીએ, આજે૦ (૧૦) કોઇ સકકરપારા લાવી, આજે૦ તો કોઈ ગોળપાપડી અને ખારા મમરા લાવી આજે૦ (૧૧) કોઇ પસદ પડે તેવા ગાઠીઆ લાવી આજે૦ તે તો રમતા રમતાજ ખાઈ ગયા આજે૦ (૧૨) કોઈ પાચે પકવાન લાવી આજે૦

તે જોઈ નકકી મોમા પાણી આવે મતલબ કે ખાવાનુ મન થાય. આજે૦ (૧૩) કોઈ ઘીથી નીતરતુ દળ અને મગદળ લાવી, આજે૦ કોઈએ તીખુ તમતમતુ અથાણુ આપ્યુ આજે૦ (૧૪) કોઈ ખોબો ભરી ખાજ્ક લાવી આજે૦ કોઈ શેકલો પાપડ લાવી આજે૦ (૧૫) કોઈ કોઈ ચોરીને સતાડતી લાવી આજે૦ તે જેવી આવી કે તરતજ પાછી મોકલી આજે૦ (૧૬) અને તેને કહ્યુ બેન એ તો ચોરી કહેવાય આજે૦ ડહ્યા વગર ઘરમાથી કાઈ પણ લાવવુ નહિ આજે૦ (૧૭) એટલામા એક ગરીબ છોકરી રડતી આવી આજે૦ અને કહ્યુ કે મારી મા કાઈ આપતી નથી આજે૦ (૧૮) એને હેતથી પાસે બેસાડી આજે૦ અને બધાએ ઉજાણી કરવા માડી આજે૦ (૧૯) બધા હેતથી વહેચીને ખાય છે, આજે૦ અને કહે છે કે ખાઈ પી રહ્યા પછી ગરબા ગાવા માડીએ આજે૦ (૨૦)

ગુજરાતની વનસ્પતિ શોભા. ભાગ ૧.

સમજુતી—ગુજરાત દેશ સારો છે, સારો છે, સારો છે પરમેશ્વરે એને દુનિયામા સારો બનાવ્યા છે (૧) જયા જુઓ ત્યા આનદ આનદજ છે, કારણ કે પરમેશ્વરે પૈસા અને અનાજની મહેરબાની કરી છે (૨) ઘણી જાર, બાજરી, ભાત, ઘઉ, ચણા, વટાણા અને વાલ થાય છે (૩) વળી જયા ઘણી તુવેર, મગ, ચોળા, મઠ, અડદ, મકાઈ અને જવ ઘણા થાય છે (૪) અને વળી દીવેલી, તલ, અળસી વગેરે ચીજો હજારો હજાર કળશી પાકે છે (૫) હુ ખરૂ કહુ છુ, કે એ ગણે ગણી શકાય એમ નથી, ગુજરાતમા તમામ

જાતનો કાચા સોના જેવો કીમતી માલ પુષ્કળ થાય છે (૬) પરમેશ્વરે કાંઇ પણ ખામી રાખી નથી, પણ ઉલટી હિંદુસ્તાન ઉપર ઘણી મહેરબાની કરી છે (૭) હે ભાઇ ! આપણીજ મોટી ભૂલ છે, કે આપણે ગરિબાઇમા આવી પડ્યા છીએ (૮) જો આવો ફળદ્રુપ મુલક બીજાને મળ્યો હોય તો જિંદગીમા તે દુઃખ નજર જાણેજ નહિ. (૯) લોકો પોતાની બુદ્ધિથી કંઇ પણ હુન્નર પરદેશમાથી શીખી જાનતા નથી, અને ઘેટાની માફક ખોટી જીદ કરે છે મતલબ કે બાપદાદાના ધંધામા કંઇ સુધારો કરતા નથી (૧૦) આપમત, આળસ અને અદેખાઇ એ ત્રણ છોડી દો, અને દેશની લાગણીને માટે અભિમાન રાખી બધે ફરો, મતલબ કે પરદેશમા મુસાફરી કરો (૧૧) અહંકારથી (સ્વદેશાભિમાનના અહંકારથી) દેશ પાછો ચઢિઆતો કરો, અને મતા બેસતા પોતાના દેશનુ સુખ ઇચ્છો (૧૨) સંપ રાખીને, સરસ્વતી દેવીને યાદ કરીને, હુન્નર કળામા અભિમાનથી છકેલા થાઓ, મતલબ કે હુન્નર કળામા મચ્યા રહો (૧૩) કેડ બાંધીને જરાવારમા આળસ દૂર કરીને તૈયાર થાઓ તો હુ વિચારીને કહુ છુ કે તમારી જીત છેજ (૧૪)

ગુજરાતની વનસ્પતિની શોભા. ભાગ ૨.

સમજુતી—ગુજરાત ખરેખરો બાગજ છે, અને ઘણા ફળ-ફૂલવાળો હોવાથી જાણીતો થયો છે (૧) જ્યા ઝાડોના ઘણા જથા માલમ પડે છે, જેને જોઇને મન આનંદ પામી ખુશ થાય છે (૨) વડ ચારે તરફ ફરતો ફેલાવો કરે છે, તેની નીચે લશ્કર ઉતરતુ હતુ

(૩) બાગબગીચામાં ઘણા આંબાઓ ઉગે છે, કહો કે કેરીના સ્વાદમાં કાંઈ ખામી છે? (૪) લીમડાનો લીલો સારો છે, સારો, પણ આમલીની પ્રીતિ નહાની છે કારણ કે લીમડો કડવો છે પણ તે અને તેની હવા ગુણકારી છે, આમલી ખાટી છે અને તે ને તેની હવા રોગ ઉપજાવનારી છે (૫) કપાસનો છોડ કેવો સારો છે! એ પોતે નાનો છે પણ દુનિયાને ઢાંકનારો છે કારણ કે એના લુગડાં બને છે ને તે આખી દુનિયા પહેરે છે (૬) આ ખસખસનું ખેતર કેવું ખીલી રહ્યું છે! જેના રસનું ત્રાગ કીમતી અફીણ બને છે (૭) અક્કલ વગરના માણસો તે વગર કારણે (શોખને માટે) ખાય, તો નક્કી મરે જ, એમાં એનો કાંઈપણ વાંક નથી (૮) આ ઉભી શેરડીઓ કેવી શોભે છે! જો,જો, એની ચમરીઓ કેવી નમે છે! (૯) પેલું કણસનું ફૂલ કેવું મોટું છે! તે હાથીના માથાની વચમાંના ટેકા જેવું દેખાય છે (૧૦) જો,જો બધાં ઝાડો રતનનાજ છે મતલબ કે ઘણા કીમતી છે, તું કોના વખાણ કર અને કોના ન કર (૧૧) આસોપાલવ, કદમ, પીપળ, બીલી અને જાણે આકાશને ટકાવી રહ્યું હોય એવું ઉંચું તાડનું ઝાડ પણ છે (૧૨) વાંસ, સાગ, સરગવો, બાવળ, ખાખર, ખજુરીઓ, અને આવળના ઝાડ પણ છે (૧૩) જામફળી, કમરખી, બોરડી, સીતાફળી, કેળ, અને દાડમડીઓના ઝાડ છે (૧૪) કેરી, રાયણ, લીંબુ, જાંબુ, નારંગી, અંજીર, અને રોતરના, સારાં ફળ તું જો (૧૫) વળી પપનસ ફાલસા અને દ્રાખો એવા સારો સ્વાદવાળા મેવા થાય છે (૧૬)

ત્રીજા ધોરણની સૃષ્ટિજ્ઞાનની પ્રશ્નોત્તરમાળા.

ગુજરાતની વનસ્પતિની શોભા. ભાગ ૩.

સમજુતી—હે બેન ! ફૂલનો આનંદ તો આપણા ગુજરાત દેશમાજ છે કારણ કે તેમા સોના જેવી શોભા અને સારી વાસ એ બને છે (૧ ફૂલો કેવા તરેહ તરેહના રગના છે તે જોડીને આમે વગીગે એવા છે મતલબ કે તે આપને વારવાર જોવા ગમે છે (૨) વળી તેની ખુશબો એવી સારી આવે છે કે તેથી આખો ગુજરાત દેશ બહેક બહેક થઈ રહે છે (૩ જુઈ, જાઈ, નવી, સાહેલી, પારિજાતક, ચંપો અને ચપેલીના ફૂલ છે ૪ ગુલદાઉદી ગલછ, મોગરો, બટમોગરો, ગુલછડી, તગર, તુળસી અને ડમરાના છોડ પણ છે (૫ ચાર તરફ જગલના ફૂલોથી મઘમઘ થઈ રહ્યા છે, જેઓનુ નામ લેતા વારેજ સારી વાસ આવે છે ' ( )પાણીમા કમળના ફૂલ ચારે તરફ કેવા ખીલી રહ્યા છે ' આજે ગુલબાસના ફૂલ કેવા શોભિતા લાગે છે ૭ આ ગુલાબના ફૂલ કેવા શોભી રહ્યા છે ' કેસુડાના તથા ફગુઆના ફૂલ વહાલા લાગે છે (૮) હે બેની ' પેલા સુદર ગરજમુખી ફૂલ સૂરજની પાછળ પ્રેમથી કેવા ફરે છે ' (૯) પોયણીના ફૂલ ચદ્રમા સાથે પરણેલા છે, તેથી જ્યારે તે ચદ્રમાને જુએ છે ત્યારે તે ખીલે છે ૧૦ કરેણા અને તનમનીયાના ફૂલ મજાના ખીલ્યા છે, અને ધતુરાના ફૂલ પીળી જાના ગનેલા છે, (૧૧' જાણે વન પરમેશ્વરની લીલા પોકારતુ હોયની ' વનની શોભામા પણ પરમેશ્વરનુ રહેઠાણ છે (૧૨) જ્યા જોઉ છુ ત્યા પરમેશ્વર પુરેપુરો ફેલાયો હોય, એમ લાગે છે નવલરામ કવિ કહે છે, કે મારૂ સારૂ નસીબ કે હુ દુનિયાના સાર તરફ ગયા મતલબ કે દુનિયાનો સાર મે કહી બતાવ્યો

૧૪

નિશાળની હકીકત.

સમજુતી—મા, હુ તને પગે લાગીને કહુ છુ કે તુ મને નિશાળે મૂક, મા, હુ માટેથી માગી લઉ છુ કે મારા ભણવાના કોડ તુ પુરા પાડ (૧) મા મારા જેવડી મારી ઘણી સહીઅરો જો, જો, ચોપડીઓ લઇને ભણવાને જાય છે (૨) મા, જો, જો એ કેવી આનંદથી નિશાળે જાય છે ! હે મા ! ત્યા જો જાય તો દરરોજ ગીત ગવાય છે (૩) મા, ત્યા શોભિતા રંગની (ગોળાકારની) એક પેટી ભરેલી છે, હે મા, તેને ત્યા બેઠી હોસથી જોઉ છુ (૪) મા, બીજી પેટી ખુબ ફરે એવા રમકડાની છે, મા જેને માણસો ખુરશીથી આકારની પેટી કહે છે (૫) મા, વળી ત્યા શોભિતા ઝળકતા ચોકઠામા ઘણા લખોટા પરોવેલા છે તે વડે છોકરીઓ ગણે છે (૬) મા, તરેહ તરેહના ઝગઝગતા રંગવાળા નવા નકશાઓ સારી રીતે ભીતે ટંગાવ્યા છે તે જાણે આરસા હોયની ! (૭) મા, ત્યા એક ચીતરેલો ગોળો (પૃથ્વીનો ગોળો) ચારે તરફ ફરી શકે એવો છે, મા, સાચુ કહુ છુ કે ખરેખર તે ચકર ચકર ફરે છે (૮) મા હુ એક દહાડો મારી બેનપણી સાથ ત્યા ગઈ હતી, મા, તેજ દિવસથી ખુશીથી ભણવાની મરજી થઈ (૯) મા, નિશાળમા તો ભણવાની મજા છે મા, ત્યા એક વાગે રમવાની રજા મળે છે (૧૦) મા, ત્યા મહેતાજી બધાપર ઘણી માયા રાખે છે, મા, મહેતાજી હમેશા ધીરા સ્વભાવથી મીઠુ બોલે છે (૧૧) મા, ત્યા શીખવવાની કેવી ખુબી છે ! મા, ચારે તરફ ઘટા છવાઈ રહી છે તેથી ત્યા ભણવામા મન ચોટે છે (૧૨ મા, આવી નિશાળે ભણવા જવુ એ તો આનંદજ મા, ત્યા હમેશા


રમ્યા કરતા ભણવુ ગમે છે (૧૩) મા, જો નિશાળ બહારથીજ લલચાવે એવી છે, હે મા, જો ત્યા જઇને હોસથી ભણીએ તો નસીબ ઉઘડે (૧૪) મા, વિદ્યા વગર સ્ત્રી અને પુરૂષ ઢોર સરખા રહે છે, મા, મે ભણતરમા ઘણાજ સુખો જોયા છે (૧૫)

સમાપ્ત.




પ્રસિદ્ધ કર્તા-છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ શાહપોર-સુરત.



સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ" પ્રીન્ટીંગ પ્રેસમા રઘુભાઇ લલ્લુભાઇ દેશાઇએ છાપ્યુ



આવૃત્તિ ૩ જી નકલ ૧૦૦૦ સને ૧૯૨૪.

